અપીલ અરજી નં.૨૭૩ તા.૨૯–૧૨–૦૮/૦૯

અરજદાર: શ્રી રિતેષ પી. બુડેલા
સામાવાળા: ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ,(અઠવા ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી રિતેષ પી. બુડેલાની તા.૨૦–૧૧–૦૮ની અરજીથી મોજે ઉમરાના ટીપી સ્કીમ નં.૬,ફા.પ્લોટ નં.૧૮,૨૪,૫૭,૫૮,૧૧૭,૧૧૮, સી.સ.ન –૮૫૭,૧૦૬૭,૧૦૭૧ તથા ૧૦૭૨ થી નોંધાયેલ જમીન ઉપર જનતાનગર કો.ઓ. ટેનામેન્ટ સોસા. (રજી.નં.ઘ–૭૩૩૮) નું નિર્માણ કરેલ છે સદરહુ સોસા.ના બંગલા નં.૩૨ અને ૩૩,૬૭ થી ૭૧ અને ૭૮ બાબતેના બાંધકામની રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાન,બીયુસી સર્ટીફીકેટ ની પ્રમાણીત નકલ માલિકોએ ઈમ્પેકટ ફી ભરપાઈ કરવા અરજી કરેલ છે કે કેમ?જો કરેલ હોય તો તેની વિગત તથા ફી પેટે ભર્યા હોય તો તેની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૩/૨૦૦૮–૦૯

શ્રી રિતેષ પી. બુડેલાની તા.૨૦–૧૧–૦૮ની અરજીથી મોજે ઉમરાના ટીપી સ્કીમ નં.૬,ફા.પ્લોટ નં.૧૮,૨૪,૫૭,૫૮,૧૧૭,૧૧૮, સી.સ.ન ૮૫૭,૧૦૬૭,૧૦૭૧ તથા ૧૦૭૨ થી નોંધાયેલ જમીન ઉપર જનતાનગર કો.ઓ. ટેનામેન્ટ સોસા. (રજી.નં.ઘ–૭૩૩૮) નું નિર્માણ કરેલ છે સદરહુ સોસા.ના બંગલા નં.૩૨ અને ૩૩,૬૭ થી ૭૧ અને ૭૮ બાબતેના બાંધકામની રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાન,બીયુસી સર્ટીફીકેટ ની પ્રમાણીત નકલ માલિકોએ ઈમ્પેકટ ફી ભરપાઈ કરવા અરજી કરેલ છે કે કેમ?જો કરેલ હોય તો તેની વિગત તથા ફી પેટે ભર્યા હોય તો તેની વિગતની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૯ તા.૨–૧–૦૯ થી ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ,(અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૫૨ તો૨૦–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં મોજે ઉમરાના ટીપી સ્કીમ નં.૬,ફા.પ્લોટ નં.૧૮,૨૪,૫૭,૫૮,૧૧૭,૧૧૮, સી.સ.ન ૮૫૭,૧૦૬૭,૧૦૭૧ તથા ૧૦૭૨ થી નોંધાયેલ જમીન ઉપર જનતાનગર કો.ઓ. ટેનામેન્ટ સોસા. (રજી.નં.ઘ–૭૩૩૮) નું નિર્માણ કરેલ છે સદરહુ સોસા.ના બંગલા નં.૩૨ અને ૩૩,૬૭ થી ૭૧ અને ૭૮ બાબતેના બાંધકામની રજાચિઠ્ઠી તથા મં જુર પ્લાન,બીયુસી સર્ટીફીકેટ ની પ્રમાણીત નકલ માલિકોએ ઈમ્પેકટ ફી ભરપાઈ કરવા અરજી કરેલ છે કે કેમ?જો કરેલ હોય તો તેની વિગત તથા ફી પેટે ભર્યા હોય તો તેની વિગતની માહિતી આપવા જણાવેલ. તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૯૬ તા.૨૨–૧૨–૦૮ થી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે મુળ અરજીમાં જે વિગત માંગેલ છે તે મિલ્કતોની પ્લાનની મંજુરી,બીયુસી વિગેરેની કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી થઈ નથી તેમ જણાવેલ.તથા સદર બંગલાના માલીકોએ ઈમ્પેકટ ફી ભરપાઈ કરવા કોઈ અરજી કરેલ નહીં હોવાનું પણ જણાવેલ.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૦–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.**કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રિતેષ પી. બુડેલા